# ભૂતપૂર્વ શિક્ષકો અભૂતપૂર્વ શિક્ષકો બની જાય તો.......!

હમણાં જ દિલસ્પર્શી એક ઘટનામાં જોડાવાનું થયું. મજા આવી ગઇ. માત્ર મજા જ કેમ કેટલુંક પ્રોત્સાહન અને કેટલુંક વિચારવાનું ભાથું પણ આપતી ગઇ. ઘટના હતી શ્રી વિદ્યાનગર હાઇસ્કૂલ-ઉસ્માનપુરા-અમદાવાદના ભૂતપૂર્વ શિક્ષકોનું એકઠા થવું. એક પૂરો દિવસ સાથે રહેવું. ચર્ચાવિચારણા કરવી, એકબીજાના સમાચાર લેવા અને આપવા, કેટલુંક જાણવું અને કેટલુંક માણવું. ઘટના એ રીતે ઘટી કે, એક ભૂતપૂર્વ શિક્ષકને વિચાર આવ્યો કે આ રીતે બધાં મળીએ...અન્ય શિક્ષકે હકારાત્મક પ્રતિસાદ આપ્યો અને પ્રોત્સાહન આપ્યું. ઘટના ઘટી તા.૨૩-૩-૨૦૦૮ ને રવિવારના રોજ. અહીં કોઇને પ્રશ્ન થાય કે ઘટના બની ના બદલે “ઘટી” શબ્દ કેમ વાપર્યો? તો જવલ્લે જ બનતી ઘટના માટે “ઘટી” શબ્દ વપરાય છે. અને અહીં જે ઘટના બની તેવી ઘટના પણ જવલ્લેજ-ભાગ્યે જ બનતી હોય છે. હા... તો તે દિવસે શ્રી વિદ્યાનગર હાઇસ્કૂલના ૨૩ ભૂતપૂર્વ શિક્ષકો અમદાવાદ-ગાંધીનગર હાઇવે પર સુઘડ ગામ પાસે આવેલ “એન્વાયરમેન્ટલ સેનીટેશન ઇન્સ્ટીટયુટ” પર એકઠા થયા. સૌ પ્રથમ તો દરેક શિક્ષક શાળા પર આવ્યા અને ત્યાંથી જ બસમાં જે તે સંસ્થા પર ગયા. શાળા પર એકઠા થવાથી ભૂતકાળના સંસ્મરણો ખૂબ જ તાજા થયા. અન્ય દિવસે શાળામાં જતા ભૂતપૂર્વ શિક્ષકના મનમાં જૂની યાદો તાજી થાય પણ વાગોળવાની મજા ન આવે. પણ જૂના સાથી મિત્રો સાથે જ શાળા પર મળવાનું થાય અને વાગોળવાનું વળગણ વળગે તે જુદા જ પ્રકારની અનુભૂતિ કરાવે છે. આવી અનુભૂતિનો સાક્ષાત્કાર સૌને થયો. પર્યાવરણચિ સંસ્થામાં પૂરો દિવસ સૌ સાથે રહ્યાં, જમ્યાં, ચર્ચાઓ કરી, હળવાં અને તાજાં થયાં. એકબીજાની ભૂતપૂર્વ શિક્ષક તરીકેની પ્રવૃત્તિઓ જાણી, એટલું જ નહીં જે તે સંસ્થાનો પરિચય મેળવ્યો. સંસ્થાને તેના સામાજિક કાર્ય બદલ અભિનંદન પાઠવ્યા, આવું કામ કરવું કે આવાં પ્રકારનું કામ કરતી સંસ્થાઓને પ્રોત્સાહન આપવું જેવા વિચારો લઇને - કેટલાક દિવસોનું ભાથું લઇને ફરી વારંવાર એકઠાં થવાનું નક્કી કરીને છૂટા પડયાં. આવી ઘટનાઓ ઘણાં ઘણાં પાયદા કરાવી જાય છે. વ્યક્તિને સંતોષ-આનંદ અપાવે છે, સૌથી મોટી બાબત તો હૂંફ અપાવે છે. ભવિષ્યનું જીવન જીવવાની પ્રેરણા મળે છે.

ઉપરોક્ત ઘટનામાં સહભાગી થયાં પછી મનમાં કેટલાંક વિચારો ઝબકવાં લાગ્યાં. આ ઝબકતાં વિચારો સતત પ્રકાશિત બની જાય તો પૂરો સમાજ બદલાઇ જાય ! નોકરી સાથે બે બાતો જોડાયેલી છે – નિષ્ક્રિયતા અને નિષ્ઠા.નિષ્ક્રિયતામાંથી નિંદા જન્મે છે અને નિષ્ઠામાંથી નિજાનંદ અવતરે છે. નિષ્ક્રિયતા નિર્જીવ બનાવે છે તો નિષ્ઠા નિર્માતા બનાવે છે. ઘણાં મિત્રો નિવૃતી વખતે પણ નિર્વૃત(સંતોષ પામેલું) નથી હોતાં. ત્યારે થાય કે તેમણે નોકરી દરમિયાન કર્યું શું? જે કામના અંતે સંતોષ પ્રાપ્ત ન થાય તે કામ તમને ઠામના ઠામ જ રાખે છે. નિવૃત્તિ પછી બે મત સાંભળવા મળે છે. કેટલાક મિત્રો કહે છે કે, બસ હવે તો આરામ જ કરવો છે, બહું કર્યું. તો વળી કેટલાક મિત્રો કહે છે કે, હવે મનગમતી અન્ય પ્રવૃત્તિ કરીને પ્રવૃત્ત રહેવું છે. સાચા અર્થમાં આ મનગમતી પ્રવૃત્તિ જ માણસને જીવાડે છે, પોલો આરામ તો માણસને સતત દઝાડે છે. વ્યક્તિનું જીવન સાર્થક કયારે ગણાય? તેણે તેના જીવનમાં પોતાના માટે કેટલું કર્યું તેના આધારે નહીં, પણ અન્યને માટે- સમાજને માટે કેટલું કર્યું તેને આધારે. તો જ મનુષ્યને સાચા અર્થમાં સામાજિક પ્રાણી ગણી શકાય. સમાજમાં રહેવાથી સામાજિક નથી બની જવાતું. સમાજમાં રહેતાં કેટલાક લોકોને આપણે અસામાજિક માણસો તરીકે પણ ઓળખીએ છીએ. નવરો અને નિરુદ્દેશ માણસ સમાજ માટે ખૂબ જ ખતરનાક છે. આવા

માણસોને અસામાજિક માણસ ગણી શકાય? વર્તમાન શિક્ષક કે પછી ભૂતપૂર્વ શિક્ષક તે માત્ર સામાજિક પ્રાણી જ નથી, શિક્ષક તો સમાજનો શ્વાસ છે. તેના વર્તનથી જ નહીં પણ તેના એક એક શબ્દથી પણ સમાજનો શ્વાસ બદલાઉં છે. માટે જ ચાણક્યએ કહ્યું હતું,"શિક્ષક કભી સાધારણ નહી હોતા."

નિવૃત્તિ પછી પણ કેટલાક શિક્ષકોને પૈસાનો મોહ છૂટતો નથી. આ પૈસાનો ખોટો મોહ જ તેમની પ્રતિભા અને પ્રતિમાને ખંડિત કરે છે.નિવૃત્તિ પછી કેટલાક શિક્ષકોની પ્રવૃત્તિ જોઇ છે. જેમકે, અન્ય ધંધામાં જોડાવવું, જમીન-મકાનના દલાલ બનવું, ગામના ચોરે કે સોસાયટીના નાકે બેસી અભુકિ ભજવી શકશેન્યની ટીકા કરવી, ઘરમાં વહુ સાથે સતત કચકચ કરવી, લગ્ન જોડા કરવા, સામાજિક સંસ્થા સાથે જોડાવવું, ગામમાં કે સોસાયટીમાં રચનાત્મ કાર્ય કરવું, વાંચન કરવું વગેરે. ઉપરોક્ત કાર્યમાંથી હકારાત્મક કાર્ય કરતા શિક્ષકો નિવૃત્તિને પ્રવૃત્તિમાં ફરેવી શક્યા છે તેમ કહેવાય. નિવૃત્તિને પ્રવૃત્તિમાં ફેરવાવવા માટે ભૂતપૂર્વ શિક્ષકોનું જૂથ ખૂબ જ ઉપયોગી થઇ પડશે. આવું જૂથ એક શાળાના શિક્ષકોનું હોઇ શકે અને એકથી વધુ શાળાના શિક્ષકોનું પણ હોઇ શકે. ઘણી શાળાના ઘણાં શિક્ષકો નિવૃત્ત થયા હશે, વધુ શાળાના શિક્ષકોનું ભૂતપૂર્વ શિક્ષક મંડળ રચાય તો ઘણાં સામાજિક અને શૈક્ષણિક કાર્યો થાય. ટૂંકમાં જેમ શિક્ષક સંઘ છે તેમ ભૂતપૂર્વ શિક્ષકસંઘ પણ હોવો જોઇએ. જો અવો ભૂતપૂર્વ શિક્ષકસંઘ રચાશે તો સમાજને ઘણો ફાયદો થશે તે નિ:સંદેહ બાબત છે. કદાચ આ નવો સંઘ જ વધુ સારી રચનાત્મક ભુકિ ભજવી શકશે અને તે પણ કોઇ સ્વાર્થ વગરની ભૂમિકા હશે જેથી સમાજ અને સરકાર તેને વધુ સારી રીતે સ્વીકારશે. આવા ભૂતપૂર્વ શિક્ષક સંઘની રચના નતાય ત્યાં સુધી નિવૃત્ત શિક્ષકોને પ્રવૃત્ત રહેવા માટે પોતાની રીતે સક્રિયતા રાખીવી જોઇએ. ભૂતપૂર્વ શિક્ષકો એ એવી કોઇ પ્રવૃત્તિ શોધી લેવી જોઇએ કે જેમાં તેને નિજાનંદ મળે સાથે સમાજના વિકાસમાં નિવૃત્તિ પછી પણ ફાળો આપીને પોતાનું સામાજિકપણું સાબિત કરવું જોઇએ. આવી કેટલીક પ્રવૃત્તિની યાદી...... ભૂતપૂર્વ વિદ્યાર્થી કે જે અત્યારે ખૂબ જ સુંદર કામ કરી રહ્યો છે તે વિદ્યાર્થીની અને તેના કાર્યાલયની મુલાકાત લેવી, શિક્ષણ વિષયક પ્રશ્નો, સમસ્યાઓ કે ઘટનઓની ચર્ચા કરવી. ચર્ચાના અંતે નિકળતા સૂરથી લાગતા વળગતા વ્યક્તિ કે સંસ્થા કે સરકારને જાણ કરવી., જરૂર પડે સૂચનો પણ કરાય અને વધુ જરૂર પડે તો કાન પણ આમળવા જોઇએ. હા...સુંદર કામ માટે પ્રોત્સાહન પણ આપવું જોઇએ. કોઇ શાળા ખોળે લઇને સલાહકાર બનવું, શિક્ષક ન હોય તો સેવા પણ આપી શકાય.એન.જી.ઓ. સાથે જોડાઇને રાજ્ય, રાષ્ટ્ર કે વિશ્વની કોઇ સામાજિક પ્રવૃત્તિમાં જોડાઇ શકાય. શિક્ષણ સુધારણા માટે પ્રયત્ન કરતા વ્યક્તિ, સંસ્થા કે સરકારના કામમાં જોતાઇ જવું જોઇએ. શૈક્ષણિક પ્રોજેક્ટ હાથ પર લઇ શકાય, નબળી ગણાતી કે વીસ ટકાથી ઓછું પરિણામ લાવતી શાળામાં જઇને વિદ્યાર્થીઓને તમારા જ્ઞાનનો લાભ આપી અનેક વિદ્યાર્થીઓના જીવનના પથદાતા બની શકાય. અમુક સમયાંતરે અનાથાશ્રમ, હોસ્પીટલ, સામાજિક સેવા કરી અન્ય સંસ્થાની મુલાકાત લઇ શકાય. અંતે નિવૃત્ત શિક્ષક સામાજિક રીતે પ્રવૃત્ત થઇને અભૂતપૂર્વ શિક્ષક બને તેવી અપેક્ષા સહ........